ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ,

**પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૪/૪૨૭૬૪૨/ગ-૨**

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૩/૦૮/૨૦૧૪

<u>વંચાણે લીધાઃ-</u> (૧) ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ એડમીસ્ટ્રેટીવ રીફોર્મસ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શનનો તા. ૦૨/૦૭/૨૦૧૪નો અ.સ.પત્ર નં. કે-૧૧૦૨૨/૬૭/૨૦૧૨-એઆર.

(૨) ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ એડમીસ્ટ્રેટીવ રીફોર્મસ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શનનો તા. ૧૭/૦૭/૨૦૧૪નો અ.સ.પત્ર નં. કે-૧૧૦૨૨/૬૭/૨૦૧૨-એઆર.

<u>પરિપત્ર</u>

ભારત સરકારના બીજા વહીવટી સુધારણા કમિશનના ૧૨મા અહેવાલમાં "સીટીઝન સેન્ટ્રીક એડમીનીસ્ટ્રેશન – ધ હાર્ટ ઓફ ગવર્નન્સ" શિર્ષક હેઠળ રાજયના નાગરિકોને " ખરીનકલ " કરાવવામાં તથા " સોંગનામા " ( Affidavit) કરાવવામાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઇને, ઉકત બાબતનું સરલીકરણ કરવા માટે શકય હોય તે કિસ્સામાં " સ્વ-પ્રમાણિત " (Self - Certification)ની કાર્યપધ્ધતિ અપનાવવા ભલામણ કરવામાં આવેલ છે. જેનો દેશના કેટલાક રાજયોએ અમલ કરેલ છે. જે સંદર્ભમાં વંચાણ હેઠળના ક્રમાંક (૧) અને (૨) સામેના ભારત સરકારના તા. ૦૨/૦૭/૨૦૧૪ તથા તા. ૧૭/૦૭/૨૦૧૪ ના અ.સ.પત્રથી (નકલ સામેલ છે.) શકય હોય ત્યાં ખરીનકલ તથા સોગંદનામાની પ્રથા દૂર કરી " સ્વ-પ્રમાણિત " (Self - Certification) નકલ સ્વીકારવાની પ્રથા અમલમાં મૂકવા અંગે વિગતવાર સૂચનાઓ આપેલ છે. ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત પારદર્શક અને લોકાભિમુખ વહીવટ માટે હાલ નાગરીકોને અપાતી સેવાઓ, કાર્યો અને યોજનાઓમાં તેના લાભો મેળવવા માટે નાગરિકને " ખરીનકલ " અને /અથવા એફિડેવિટ રજૂ કરવા જણાવવામાં આવે છે. જેના પરિણામે નાગરિકોને તેમને મળવાપાત્ર લાભો મેળવવામાં મુંશ્કેલી અનુભવાય છે અને વિલંબ થાય છે. આ વિલંબ નિવારવા અને નાગરિકોને મળવા પાત્ર લાભ/સુવિધા વધુ સરળતાથી પ્રાપ્ત થાય તેવા હેતુસર ભારત સરકારે સૂચવ્યા મુજબ નાગરિકે રજૂ કરવાનાં દસ્તાવેજો <u>સ્વ પ્રમાણિત</u> ( Self - Certification) કરી રજૂ કરવા દેવા અંગે વિચારણા કરવી જરૂરી જણાય છે.

૨. ઉપરની વિગતો ધ્યાને લઇ, નાગરિકોને તેમના હકકો/ સુવિધાઓ મેળવવામાં પડતી મુશ્કેલી નિવારવા માટે સચિવાલયના તમામ વહીવટી વિભાગો અને ખાતાના વડા હેઠળની જુદી જુદી યોજનાઓ, કાર્યો અને સેવાઓનો લાભ લેવા માટે જયાં નાગરીકોએ " ખરીનકલ " અને/અથવા એફિડેવિટ રજૂ કરવી પડતી હોય તેવી સેવાઓ/બાબતોની યાદી તાત્કાલિક તૈયાર કરી ખરીનકલ,

Converted by X-Image

એફિડેવિટના બદલે "સ્વ પ્રમાણિત" નકલ( Self - Certification)/ સક્ષમ સત્તાઅધિકારી સમક્ષ કરેલ " સ્વ કબુલાતનામું " (Self - Declaration) માન્ય રાખવા અંગે હાલની પ્રથાની સમીક્ષા કરી, દસ્તાવેજોની ગંભીરતા અને અગત્યતા ધ્યાને લઇ, કયા – કયા દસ્તાવેજો બાબતે સ્વ-પ્રમાણિત/ કબુલાતનામું સ્વીકારવાની કાર્યપધ્ધતિ અપનાવી શકાય તે બાબત સુનિશ્ચિત કરવા અને તે પરત્વે સરકારશ્રીની મંજૂરી મેળવી જરૂરી હુકમો કરવા તથા કરેલ કાર્યવાહીની જાણ સત્વરે સામાન્ય વહીવટ વિભાગને કરવા સચિવાલયના તમામ વહીવટી વિભાગોને આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણઃ- ઉપર મુજબ.

(કે. શ્રીનિવાસ)
અગ્ર સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રી /માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો. (તેમના હસ્તકના ખાતાના વડોઓ, કચેરીના વડાઓ તેમજ જાહેર સાહસોના ધ્યાને મૂકવાની વિનંતી સાથે.)

.......................................

- પત્ર દ્વારા

Converted by X-Image